# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. ગેમેલન સમૂહ અને શાસ્ત્રીય નૃત્ય સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું યુનેસ્કોના વિશ્વ ધરોહર સ્થળ પ્રમ્બાનન મંદિરની મુલાકાત દરમિયાન સ્વાગત કરાયું.
2. પ્રધાનમંત્રી તેમના પ્રવાસના બીજા તબક્કામાં આજે ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન પહોંચશે.
3. જમ્મુ અને કાશ્મીરના શોપિયાના ચાનાપોરામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકવાદી ઠાર.
4. હોર્મુઝ સામુદ્રધૂનીમાં ઇરાને કરેલા વ્યાપારી જહાજો પરના હુમલાના જવાબમાં અમેરિકાએ 80થી વધુ ઇરાની લક્ષ્યોને નિશાન બનાવ્યાં.
5. ઇરાન અને અમેરિકા વચ્ચે ફરી તણાવ વધતાં શેરબજારમાં કડાકો.
6. ફૂટબોલમાં, સ્વિટ્ઝર્લૅન્ડે પેનલ્ટી શૂટઆઉટમાં કોલંબિયાને હરાવી ફિફા વર્લ્ડકપના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM PRAMBANAN TEMPLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તો સાથે યોગ્યકાર્તામાં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ પ્રમ્બાનન મંદિરમાં દર્શન કર્યા. ગેમેલન સમૂહ અને પરંપરાગત સંગીતનાં સાધનો, શાસ્ત્રીય યોગ્યાકાર્તા નૃત્યની મધુર ધૂન સાથે પ્રધાનમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી મોદીએ મુખ્ય શિવ મંદિરમાં પૂજા અર્ચના કરી અને ભારત-ઇન્ડોનેશિયા સહયોગ હેઠળ ચાલી રહેલા સંરક્ષણ કાર્યની સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું કે, મંદિરના સંરક્ષણમાં ભારતની ભાગીદારી બંને દેશોની સહિયારી સાંસ્કૃતિક વારસો દર્શાવે છે.

## BYTE - PM MODI - SANSKRITI

યોગ્યાકાર્તામાં પ્રમ્બાનન મંદિરમાં એક સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેમને વિવિધ પવિત્ર સ્થળોએ વારંવાર ભગવાન શિવ સાથે જોડાવાનું સૌભાગ્ય મળ્યું છે. તેમનો જન્મ વડનગરમાં થયો હતો, જે હાટકેશ્વર મહાદેવનું ઘર છે, અને ગુજરાતમાં સોમનાથ જ્યોતિર્લિંગ તેમના માટે વિશેષ મહત્વ ધરાવે છે અને તેના વિકાસની સીધી જવાબદારી તેમની છે.

# REV. INDIA-INDONESIA IIM

ભારત અને ઇન્ડોનેશિયાએ ઉચ્ચ શિક્ષણમાં સહયોગને વધુ ગાઢ બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે જાહેરાત કરી હતી કે, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ બેંગ્લોર ઇન્ડોનેશિયામાં તેનું પ્રથમ વિદેશી કેમ્પસ સ્થાપિત કરશે. આ કેમ્પસ પૂર્વ જાવાના સિંઘાસરી સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં સ્થાપિત કરાશે અને તે ASEAN ક્ષેત્રના વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોને સેવા આપશે.

આ પહેલ શૈક્ષણિક સહયોગને મજબૂત બનાવવા, નવીનતા અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અને ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવશે.

# PM MELBOURN

ત્રણ દેશોના તેમના પ્રવાસના બીજા તબક્કામાં, પ્રધાનમંત્રી મોદી આજે ત્રણ દિવસની મુલાકાતે મેલબોર્ન પહોંચશે, જ્યાં તેઓ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ સાથે ભારત-ઓસ્ટ્રેલિયા ત્રીજી વાર્ષિક સમિટમાં ભાગ લેશે.

શ્રી મોદી ભારત-ઓસ્ટ્રેલિયા સીઈઓ ફોરમમાં પણ ભાગ લેશે, જ્યાં તેઓ બંને દેશોના ટોચના ઉદ્યોગપતિઓને સંબોધિત કરશે. તેઓ ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધોના મજબૂત સ્તંભ તરીકે કામ કરતા ભારતીય ડાયસ્પોરાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી મોદી અને તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની અલ્બેનીઝ વચ્ચે દ્વિપક્ષીય ચર્ચાઓ અનેક મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને આગળ ધપાવશે.

# MEA - VENEZUELA

24 જૂને આવેલા બે વિનાશક ભૂકંપ બાદ ઓપરેશન એમિસ્ટાડ હેઠળ ભારતની માનવતાવાદી સહાયને સ્વીકારવા બદલ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વેનેઝુએલાનો આભાર માન્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી જયસ્વાલે કહ્યું કે, રાહત મિશન બંને દેશો વચ્ચેની સ્થાયી મિત્રતાને મજબૂત કરે છે. વ્યાપક વિનાશ સમયે ભારતે વેનેઝુએલાને ત્વરિત સહાય પહોંચાડવા ઓપરેશન એમિસ્ટાડ શરૂ કર્યું હતું.

# J&K TERRORIST KILLED

જમ્મુ અને કાશ્મીરના શોપિયાના ચાનાપોરા વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો છે. આ સેના અને સીઆરપીએફ વચ્ચેનું સંયુક્ત ઓપરેશન હતું.

આકાશવાણી સાથે વાત કરતા પોલીસ મહાનિરીક્ષક વી.કે. બિરદીએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળેથી હથિયારો અને દારૂગોળા સાથે એક મૃતદેહ મળી આવ્યો છે અને તેની ઓળખ કરવામાં આવી રહી છે.

# J&K AMARNATH YATRA ADVISORY

જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે આજે અમરનાથ યાત્રા 2026 માટે એક નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. અમારાં જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, સર્વોચ્ચ અદાલતના નિર્દેશો અનુસાર, દૈનિક યાત્રાળુ મર્યાદા અમલમાં છે. શ્રદ્ધાળુઓને અગાઉથી નોંધણી પૂર્ણ કરવાની અને તેમના પરમિટમાં જણાવાયેલી તારીખે મુસાફરી કરવાની સલાહ આપવામાં આવી છે.

વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે, તાત્કાલિક અથવા સ્થળ પર નોંધણી ફક્ત મર્યાદિત સંખ્યામાં લોકો માટે જ ઉપલબ્ધ છે. નોંધાયેલા યાત્રાળુઓને તેમની નિર્ધારિત તારીખ પહેલાં મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને વહેલા પહોંચનારાઓને પવિત્ર ગુફા મંદિરમાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# KERALAM CM EX GRATIA

તિરુવનંતપુરમમાં રાજ્ય સરકારે કેરળના વાયનાડમાં ભૂસ્ખલનમાં જીવ ગુમાવનાર લોકોના પરિવારોને પાંચ લાખ રૂપિયા સહાય જાહેરાત કરી.

મુખ્યમંત્રી વી.ડી. સતીસને કહ્યું કે, વાયનાડ ટનલનું કામ સંપૂર્ણ તપાસ પછી જ ફરી શરૂ થશે. બે NDRF ટીમો હજુ પણ દુર્ઘટના સ્થળે છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, પાંચ લોકો હજુ પણ ગુમ છે અને શોધ કામગીરી ચાલુ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ASEAN INDIA - JOINT COMMITTEE

આસિયાન-ભારત વેપાર કરારની સમીક્ષાને આગળ વધારવા માટે ભારત નવી દિલ્હીમાં 13મી આસિયાન-ભારત વેપાર ગુડ્સ કરાર (AITIGA) સંયુક્ત સમિતિની બેઠકનું આયોજન કરી રહ્યું છે. સંયુક્ત સમિતિની બેઠક અને તેની સંબંધિત બેઠકો આ મહિનાની 10મી તારીખ સુધી હાઇબ્રિડ ફોર્મેટમાં યોજાઈ રહી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે, સંયુક્ત સમિતિએ પેટા-સમિતિઓને તેમના સંબંધિત કાર્યક્ષેત્રોમાં વ્યૂહાત્મક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને તેમને AITIGA સમીક્ષા હેઠળ બાકી રહેલા વિષયોને ઝડપી બનાવવા વિનંતી કરી હતી.

પેટા-સમિતિઓને સમયમર્યાદા ડિલિવરેબલ્સ સોંપવામાં આવ્યા હતા અને સંમત સમયમર્યાદામાં મૂર્ત પરિણામો પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# US-IRAN STRIKES

હોર્મુઝ સામુદ્રધૂનીમાં ઇરાન દ્વારા તાજેતરમાં વ્યાપારી જહાજો પર કરવામાં આવેલા હુમલાના જવાબમાં અમેરિકાએ 80થી વધુ ઇરાની લક્ષ્યો પર હવાઈ હુમલા શરૂ કર્યા છે.

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું કે, આ હુમલાઓમાં ઇરાની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ, નિયંત્રણ કેન્દ્રો, એન્ટી-શિપ મિસાઇલ સિસ્ટમો અને તેની આસપાસના 60થી વધુ ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના જહાજોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

સાંભળીએ એક અહેવાલ..................

VC-KRISHNA KANT

# STOCK

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઇરાન વચ્ચે શરૂ થયેલા હુમલાને કારણે વૈશ્વિક શેરબજારોની સાથેસાથે ભારતીય શેરમાર્કેટમાં કડાકો જોવા મળ્યો હતો. બપોરના સત્ર દરમિયાન નાણાકિય સંસ્થાઓ અને બેંકિંગ ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલી નિકળતા સેન્સેક્સ 600 કરતાં વધુ જ્યારે નિફ્ટીમાં 200 અઁકોનો ઘટાડો જોવા મળ્યો હતો.

# HANDLOOM - HACKATHON

કાપડ મંત્રાલયે રાષ્ટ્રીય નવીનતા પડકાર - હેન્ડલૂમ હેકાથોન 2026 શરૂ કર્યો છે, જેનો ઉદ્દેશ્ય ભારતના હાથશાળ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે ટેકનોલોજી, ડિઝાઇન, ઉદ્યોગસાહસિકતા અને ટકાઉ ઉકેલોનો ઉપયોગ કરવાનો છે. આ પહેલ રાષ્ટ્રીય હાથશાળ દિવસ 2026ની ઉજવણીના ભાગ રૂપે આયોજિત કરવામાં આવી રહી છે.

આ મહિનાની 20 તારીખ સુધી ઓનલાઈન નોંધણી થઇ શકે છે. વિદ્યાર્થીઓ, નવીનતાઓ, સ્ટાર્ટઅપ્સ, સંશોધકો, ડિઝાઇનર્સ, ઉદ્યોગસાહસિકો અને હાથશાળ વ્યવસાયિકો નોંધણી કરાવી શકે છે અને તેમના વિચારો જણાવી શકે છે. હેકાથોનનો ગ્રાન્ડ ફિનાલે પહેલી ઓગસ્ટના રોજ ફાઉન્ડેશન ફોર ઇનોવેશન એન્ડ ટેકનોલોજી ટ્રાન્સફર (FITT), IIT દિલ્હી ખાતે યોજાશે, જ્યાં પસંદ કરાયેલી ટીમો જ્યુરી સમક્ષ તેમના ઉકેલો રજૂ કરશે.

આ પહેલ પર બોલતા કાપડ મંત્રાલયના વિકાસ કમિશનર (હેન્ડલૂમ્સ) ડૉ. એમ. બીનાએ જણાવ્યું કે, હેન્ડલૂમ હેકાથોન 2026 દેશના યુવાનોની સર્જનાત્મકતાને હાથશાળ ક્ષેત્રના સમૃદ્ધ વારસા સાથે સાંકળવાનો પ્રયાસ છે.

# NEW ZEALAND - THIRD EYE STORE

ભારતથી હજારો કિલોમીટર દૂર, ન્યુઝીલેન્ડમાં સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ સતત વધી રહ્યો છે. ઓકલેન્ડમાં ધ થર્ડ આઈ સ્ટોર છેલ્લા 26 વર્ષથી ભારતીય આધ્યાત્મિકતા, યોગ, રંગબેરંગી પરંપરાગત પોશાક અને સાંસ્કૃતિક કલાકૃતિઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. આ સ્ટોરના સંચાલક કિમ હોલુએર્ડાએ આકાશવાણી સાથે વાત કરતા કહ્યું કે, ન્યુઝીલેન્ડના લોકોમાં ભારતીય સંસ્કૃતિ, યોગ અને હિન્દુ દેવી-દેવતાઓ પ્રત્યે આકર્ષણ વધી રહ્યું છે.

તેણીએ કહ્યું કે, ઘણા સ્થાનિક મુલાકાતીઓ ભારતની આધ્યાત્મિક પરંપરાઓનું અન્વેષણ કરવા માટે સ્ટોર પર આવે છે અને ઘણીવાર પરિવાર અને મિત્રો સાથે પાછા ફરે છે, જે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસામાં તેમની ઊંડી રુચિ દર્શાવે છે.

આ સ્ટોર એક અનોખું સાંસ્કૃતિક કેન્દ્ર બન્યું છે. જે દર્શાવે છે કે ભારતની કાલાતીત પરંપરાઓ સરહદોને પાર બહારના લોકોને પણ સાંકળી રહી છે.

# FIFA WORLD CUP

ફૂટબોલમાં, સ્વિટ્ઝર્લેન્ડે વાનકુવરમાં પેનલ્ટી શૂટઆઉટમાં કોલંબિયાને હાર આપી હતી. કોલંબિયા સામે સ્વિત્ઝરલેંડનો 4-3થી વિજય થયો હતો. સ્વિટ્ઝર્લેન્ડે 1954 પછી પહેલી વાર ફિફા વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.